**<u>આંક–૫ લગત હુકમ</u>**

૧. સાંભળ્યા, હાલની અપીલ ચાલતા સુધી બી.એન.એસ.ની કલમ–૪૩૦ મુજબ ભેંસાણના જ્યુડી. મેજી.ફક.શ્રીની કોર્ટના ફો.કે.નં.૧૭૮–૧૮ ના કામે તા.૯–૪–૨૦૨૫ ના રોજ કરેલ હુકમ સ્ટે કરવા તથા અપીલ ચાલતા સુધીના જામીન આપવા અરજ કરેલ છે અને તેમાં તેઓએ મુખ્યત્વે એવી વિગત જણાવેલ છે કે, સદર કામમાં ભેંસાણ તાલુકાના ભાટ્ઠ ગામના રહીશ ભીખુભાઇ ચનાભાઇ ગુજરાતીએ ભેંસાણ પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.ફસ્ટ ૫/૧૮ થી એપેલન્ટ સામે ઇ.પી.કો.કોડની કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૪૨૦ અને ૧૧૪ મુજબની ફરિયાદ આપેલ. જે ફરિયાદના અનુસંધાને વિ. જ્યુડી. મેજી.ફર્સ્ટ કોર્ટમાં કેસ ચાલી જતા એપેલન્ટસને તકસીરવાન ઠરાવી ઇ.પી.કો.કોડની કલમ–૪૬૫ અન્વયે છ માસની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– નો દંડ તથા ઇ.પી.કો. કોડની કલમ–૪૬૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા તેમજ રૂા. ૫,૦૦૦/– નો તથા ઇ.પી.કોડની કલમ–૪૭૧ સાથે ૧૧૪ મુજબના ગુનામાં છ માસની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– નો દંડ કરેલ છે અને જો દંડ ભરવામાં નિષ્ફળ જાય તો દરેક ગુનામાં વધુ ત્રીસ દીવસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે.

વિ.જ્યુડી. મે.જી. ફર્સ્ટ કલાસ, ભેંસાણનાઓએ આંક–૧૩૪ ની અરજી નીચે હુકમની અમલવારીનો સ્ટે કરવાની અરજી મંજુર રાખેલ છે. જેથી સદર સ્ટે હાલની અપીલ સમય દરમિયાન લંબાવી આપવા જરૂર હોય, તેમજ તેઓએ સદર ગુનાના કામે દંડ ભર્યાની પહોંચ સામેલ રાખેલ છે. જેથી સદર કામે તેઓએ અપીલ દાખલ કરેલ હોય, અપીલ ચાલતા સુધી વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

૨. સદર કામે હાલના એપેલન્ટે સદર કામમાં વિ.જ્યુડી.મેજી.શ્રીના હુકમ સામે અપીલ દાખલ કરેલ છે. જેના ૨૯ કારણો જણાવેલા છે અને વિ.જ્યુડી. મેજી.શ્રીએ

કરેલ હુકમની ખરી નકલ રજૂ કરેલ છે. જેમાં હાલના એપેલન્ટ જામીન મુક્ત થયેલા અને વિ.જ્યુડી. મેજી.શ્રીએ કરેલ હુકમની અમલવારી અંગે મૌકુફ રાખવાનો હુકમ પણ તા.૯–૪–૨૫ ના રોજ કરેલ છે. જેથી એપેલન્ટની અપીલના ગ્રાઉન્ડ જોતા, તેમાં સદર કેસની વિગતો જોતા હાલના તબકકે અપીલ ચાલતા સમય લાગે તેમ હોય તેવી રજૂઆત ધ્યાને લેતા આ અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ સજાની માત્રા લક્ષમાં લેતાં, વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવા પાત્ર જણાય છે.

વધુમાં આ કામે એપેલેન્ટના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, એપેલન્ટ દ્વારા દંડની રકમ જમા કરવામાં આવેલ છે. વધુમાં અપીલ ચાલતા લાંબો સમય લાગે તેમ છે. તેમજ એપેલન્ટ તરફે એવી પણ રજૂઆત થયેલ છે કે, આરોપીઓ પૈકી અન્ય આરોપીને વિ.ટ્રાયલ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. તેમજ એપેલન્ટના પરિવારના ભરણપોષણની જવાબદારી એપેલન્ટ ઉપર છે.

૩. આમ, હાલના એપેલન્ટની અરજીની રજૂઆતો ધ્યાને લેતા, તેમજ હાલની અપીલનું રેકર્ડ ધ્યાને લેતા, હાલના કામે મુળ ફોજદારી કેસ નં.૧૭૮/૨૦૧૮ ના કામે થયેલ હુકમ તથા એપેલન્ટની રજૂઆત ધ્યાને રાખતા અને તેઓની રજૂઆત આધારે બી.એન.એસ.એસ. કલમ–૪૧૫ અન્વયે ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ સજાનો હુકમ અપીલ ચાલતા દરમિયાન મોકુફ રાખવાપાત્ર ન્યાયોચીત જણાય આવતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ/આરોપી હર્ષદભાઈ પરસોતમભાઈ રાણોલીયા, રહે. દાત્રાણા, ઠે. વડલીચોક, તા.મેંદરડા, જિ. જૂનાગઢનાઓને રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા દીન–૫ માં નીચેની શરતોને આધિન અત્રેની કોર્ટમાં રજૂ કર્યેથી અપીલ ચાલતા સુધી જામીન

મુક્ત કરવા હુકમ કરવામાં આવે છે અને તે શરતો મુજબ વિ.ટ્રાયલ કોર્ટના હુકમનો અમલ સજા સબંધી મોકુફ રાખવામાં આવે છે.

**<u>શરતોઃ</u>**–

(૧) એપેલેન્ટ/અરજદારે અત્રેની અદાલતમાં નિયમીત અને સમયસર અપીલ ચાલતા દરમિયાન હાજર રહેવું.

(૨) એપેલન્ટ/આરોપી અપીલના આખરી નિકાલ સુધી કોઈ ગુનાહિત પ્રવૃતિ કરવી નહિ અને ફરિયાદ પક્ષને, ફરિયાદ સબંધી કોઈ મનદુઃખ રાખી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક–ધમકી આપવી નહિ.

(૩) એપેલન્ટ/આરોપીએ જામીન આપતી વખતે પોતાના રહેણાંકનું પાકું અને કાયમી સરનામું પુરુ પાડવુ અને જો તેમાં કોઈ ફેરફાર થાય તો અત્રેની અદાલતમાં જાણ કરવી તથા પોતાના મોબાઈલ નંબર તથા આધારકાર્ડ નંબર જાહેર કરવો.

આ હુકમ આજ તા.૨૯ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Place: Visavadar.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
3rd Addl. Sessions Judge, Visavadar.
(UNI No.GJ00672)